सत्यमेव जयते

## -//ફોર્મ-એ//-

| **મહેસાણાના બીજા અધિક સેસન્સ જજ અને સ્પે.જજ(પોક્સો) સાહેબશ્રીની અદાલત, મુ.મહેસાણા.** | |
|---|---|
| | ફેસલ તારીખ:૧૨/૦૩/૨૦૨૬<br>**સ્પે.પોક્સો કેસ નંબર.૦૨/૨૦૨૬**<br>એફ.આઈ.આર.નં.૧૧૨૦૬૦૭૯૨૫૦૧૧૩/૨૦૨૫<br>પોલીસ સ્ટેશનઃ લાડોલ<br>**આંક-૭૩** |
| ફરીયાદી | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદ પક્ષ તરફે | વિ. સરકારી વકીલશ્રી પી. કે. દવે |
| આરોપી | દલારામ સ/ઓ જોધાજી નગાજી માજીરાણા(ભીલ) ઉ.વ.૨૩,<br>હાલ રહે.કુદેડા પટેલ પ્રદલાદભાઈની ખરીમાં, તા.વિજાપુર, જી.મહેસાણા.<br>મુળ રહે.થલધાનેરા, તા.રેવદર, જી.સિરોહી રાજસ્થાન |
| આરોપી તરફે | આરોપી તર્ફે વિ.વ.શ્રી કે. ડી. ઠાકોર |

## -//ફોર્મ-બી//-

| | |
|---|---|
| બનાવની તારીખ | ૨૯/૦૬/૨૦૨૫ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૪/૦૭/૨૦૨૫ |
| ચાર્જશીટ કર્યા તારીખ | ૧૨/૦૧/૨૦૨૬ |

| | |
|---|---|
| ચાર્જફ્રેમ કર્યા તારીખ (આંક–૦૬) | ૨૩/૦૧/૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૬/૦૨/૨૦૨૬ |
| જજમેન્ટ પર મુક્યા તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યા તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| સજાનો હુકમ | – |
| સમય ગાળો. | વર્ષ– ૦૦ માસ–૦૨ દિવસ–૦૦ |

## –// <u>આરોપીની વિગત</u> //–

| ક્રમ. | દલારામ સ/ઓ જોધાજી નગાજી માજીરાણા(ભીલ) | |
|---|---|---|
| ૦૧ | આરોપીનું નામ/ સરનામુ | દલારામ સ/ઓ જોધાજી નગાજી માજીરાણા (ભીલ)<br>ઉ.વ.૨૩,<br>હાલ રહે.કુદેડા પટેલ પ્રદલાદભાઈની ખરીમાં, તા.વિજાપુર, જી.મહેસાણા.<br>મુળ રહે.થલધાનેરા, તા.રેવદર, જી. સિરોહી રાજસ્થાન |
| ૦૨ | અટક કર્યા તારીખ | ૨૧/૧૧/૨૦૨૫ |
| ૦૩ | જામીન ઉપર મુકત થયા તારીખ | આરોપી જેલમાં છે. |
| ૦૪ | ગુનાની કલમ | બી.એન.એસ.ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટ ૨૦૧૨ ની ક.૪(૨), ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબ |
| ૦૫ | છુટી ગયો કે સજા થઇ | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે. |
| ૦૬ | ફરમાવેલ સજા | – |
| ૦૭ | ક્રિ.પ્રો.કો.ની ક.૪૨૮ | – |

## –//ફોર્મ–સી//–

### એ. ફરીયાદ પક્ષ તરફેના સાહેદનું લીસ્ટઃ–

| અ.નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૦૧ | ૦૯ | ભોગબનનારની સોગંદ ઉપરની જુબાની | ભોગબનનાર |
| ૦૨ | ૧૨ | રમેશભાઈ લક્ષ્મણભાઈ પારગીની સોગંદ ઉપરની જુબાની | ફરીયાદી |
| ૦૩ | ૧૫ | મધીબેન વા–ઓ રમેશભાઈ લક્ષ્મણભાઈ પારગીની સોગંદ ઉપરની જુબાની | સાહેદ |
| ૦૪ | ૧૬ | ડો.યોગેશકુમાર રતનભાઈ રાઠવાની સોગંદ ઉપરની જુબાની | ડોક્ટર |
| ૦૫ | ૨૧ | સથવારા નિકીતાબેન અરવિંદભાઈની સોગંદ ઉપરની જુબાની | પંચ |
| ૦૬ | ૨૪ | ડો.પરેશભાઈ નારણભાઈ દેસાઈની સોગંદ ઉપરની જુબાની | ડોક્ટર |
| ૦૭ | ૩૧ | દુર્ગેશચંદ્રસિંહ ઈન્દ્રજીતસિંહ રાઠોડની સોગંદ ઉપરની જુબાની | પંચ |
| ૦૮ | ૩૯ | રાવત સંતોષભાઈ વાઘાભાઈની સોગંદ ઉપરની જુબાની | સાહેદ |
| ૦૯ | ૪૧ | સોલંકી ગજેન્દ્રસિંહ અજીતસિંહની સોગંદ ઉપરની જુબાની | પી.આઇ. |

### બી. બચાવ પક્ષ તરફેના સાહેદનું લીસ્ટઃ–

| અ.નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૦૧ | | – | – |

**એ. <u>ફરીયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાનું લિસ્ટઃ–</u>**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૦ | ભોગબનનારનું અસલ નિવેદન |
| ૨. | ૧૧ | ભોગબનનારનું ફોટાવાળું ઓળખકાર્ડ |
| ૩. | ૧૩ | અસલ ફરીયાદ |
| ૪. | ૧૪ | ભોગબનનારનો જન્મનો દાખલો |
| ૫. | ૧૭ | ભોગબનનારનું અસલ મેડીકલ સર્ટીફીકેટ |
| ૬. | ૧૮ | ભોગબનનારની મેડીકલ તપાસણી સારુ આપેલ કેસ પેપર્સ |
| ૭. | ૧૯ | ભોગબનનારના અસલ કેસ પેપર્સ તથા એક્સ–રે પ્લેટ |
| ૮. | ૨૦ | એફ.એસ.એલ.માં મોકલવા સારુ ભરેલ ટુ.બી.ફોર્મ |
| ૯. | ૨૨ | ગુના બનાવવાળી જગ્યાનું અસલ પંચનામું |
| ૧૦. | ૨૫ | ભોગબનનારનું અસલ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૧. | ૨૬ | ભોગબનનારના અસલ કેસ પેપર્સ |
| ૧૨. | ૨૭ | ભોગબનનારના શરીર ઉપરથી લીધેલ સેમ્પલ સારુ ભરેલ એફ.એસ.એલ. ફોર્મ |
| ૧૩. | ૨૮ | આરોપીનું અસલ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૪. | ૨૯ | આરોપીના અસલ કેસ પેપર્સ |
| ૧૫. | ૩૦ | આરોપીના શરીર ઉપરથી લીધેલ સેમ્પલ સારુ ભરેલ એફ.એસ.એલ. ફોર્મ |
| ૧૬. | ૩૨ | ભોગબનનારના કપડાં કબજે કર્યાનું અસલ પંચનામું |
| ૧૭. | ૩૩ | મુદ્દામાલ પંચ સ્લીપ |
| ૧૮. | ૩૪ | મુદ્દામાલ પંચ સ્લીપ |
| ૧૯. | ૩૫ | મુદ્દામાલ પંચ સ્લીપ |
| ૨૦. | ૩૬ | આરોપીના કપડાં કબજે કર્યાનું અસલ પંચનામું |
| ૨૧. | ૩૭ | મુદ્દામાલ પંચ સ્લીપ |
| ૨૨. | ૩૮ | મુદ્દામાલ પંચ સ્લીપ |
| ૨૩. | ૪૦ | ભોગબનનારના જન્મની નોંધણી અંગેનું રજીસ્ટરની |

| | | |
|---|---|---|
| | | ખરી નકલ |
| ૨૪. | ૪૨ | સુચિપત્રક |
| ૨૫. | ૪૩ | ગુનાની તપાસ સંભળી લેવા સારુ કરેલ રીપોર્ટ |
| ૨૬. | ૪૪ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલ્યા અંગેની પહોંચ |
| ૨૭. | ૪૫ | ગુનાવાળી જગ્યાનું નીલ પંચનામું |
| ૨૮. | ૪૬ | બી.એન.એસ.એસ.ની ક.૧૮૩ મુજબનો અહેવાલ |
| ૨૯. | ૪૭ | એફ.ટી.પી. મેસેજ |
| ૩૦. | ૪૮ | ગુમ થનારની પ્રસિદ્ધિ અંગે કરેલ રીપોર્ટ |
| ૩૧. | ૪૯ | સી.ડી.આર.ફોર્મ |
| ૩૨. | ૫૦ | સી.ડી.આર.ફોર્મ |
| ૩૩. | ૫૧ | ગુમ થનારની તપાસમાં ભરેલ પત્રક |
| ૩૪. | ૫૨ | સી.ડી.આર.એનાલીસીસ |
| ૩૫. | ૫૩ | સી.ડી.આર.એનાલીસીસ |
| | ૫૪ | ભોગબનનારના જન્મનો દાખલો ખરાઈ કરવા બાબતેનો રીપોર્ટ |
| ૩૬. | ૫૫ | સી.ડી.આર.ફોર્મ |
| ૩૭. | ૫૬ | સી.ડી.આર.ફોર્મ |
| ૩૮. | ૫૭ | એફ.ટી.પી. મેસેજ |
| ૩૯. | ૫૮ | ઈન્સાગ્રામની માહિતી મેળવવા સારુ સાયબાર પોલીસને કરેલ રીપોર્ટ |
| ૪૦. | ૫૯ | સી.ડી.આર.ફોર્મ |
| ૪૧. | ૬૦ | ઈન્સાગ્રામની માહિતી મેળવવા સારુ સાયબાર પોલીસને કરેલ રીપોર્ટ |
| ૪૨. | ૬૧ | કલમ ઉમેરો કરવા સારુ કરેલ રીપોર્ટ |
| ૪૩. | ૬૨ | ભોગબનનારની મેડીકલ ચકાસણી કરી સર્ટી. આપવા કરેલ રીપોર્ટ |
| ૪૪. | ૬૩ | સરકારી પંચો ફાળવવા સારુ કરેલ રીપોર્ટ |
| ૪૫. | ૬૪ | ઈન્સાગ્રામની માહિતી મેળવવા સારુ સાઈબર પોલીસને કરેલ રીપોર્ટ |

| | | |
|---|---|---|
| ૪૬. | ૬૫ | આરોપીને અટક કર્યા અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા સારુ રીપોર્ટ |
| ૪૭. | ૬૬ | ભોગબનનારનું નિવેદન લેવા સારુ કરેલ રીપોર્ટ |
| ૪૮. | ૬૭ | સરકારી પંચો ફાળવવા સારુ કરેલ રીપોર્ટ |
| ૪૯. | ૬૮ | સી.ડી.આર.ફોર્મ |
| ૫૦. | ૬૯ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલવા સારુ ભરેલ રવાનગી પત્રક |
| ૫૧. | ૭૦ | સરકારી પંચો ફાળવવા સારુ કરેલ રીપોર્ટ |
| ૫૨. | ૭૧ | એફ.એસ.એલ. નો પરીક્ષણ અહેવાલ |
| ૫૩. | ૭૨ | ક્લોઝીંગ પુરશીશ |

**બી.** **બચાવ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાનું લિસ્ટઃ–**

| **અ.નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| | | – |

**વિષયઃ–** બી.એન.એસ.ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) ૬૫(૧) તથા પોકસો એકટ ૨૦૧૨ ની ક.૪(૨), ૫ (એલ), ૬, ૮, ૧૨ મુજબ.

---

**–/ જજમેન્ટ /–**

(૧) ફરીયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ફરીયાદમાં જણાવેલ સરનામે પોતાના પરીવાર સાથે રહે છે અને તેઓની ભોગબનનાર દીકરીની જન્મ તા.૦૫/૦૬/૨૦૧૦ કે જેની ઉંમર ફરીયાદની તારીખે ૧૫ વર્ષ ૨૯ દિવસની હતી. ફરીયાદી પચ્ચીસેક વર્ષથી કુદેલા ગામે રહી છૂટક મજુરી કરી પોતાનું તથા પોતાના પરીવારનું ગુજરાન ચલાવે છે. છેલ્લા એક માસથી પ્રવિણભાઈ

પ્રભુદાસની ખરીમાં રહે છે. તા.૨૯/૦૬/૨૦૨૫ ના રોજ ફરીયાદી તથા તેનો દીકરો વિપુલ તથા ભોગબનનાર ઓરડી ઉપર હાજર હતા અને ફરીયાદી તથા તેનો દીકરો વિપુલ બંને જણા ૧૧ વાગ્યે જમવા બેઠેલા અને તે સંજોગોમાં ભોગબનનાર ખરીમાં સંડાસ જવાનું કહીને ગયેલ અને ત્યારબાદ ફરીયાદી જમા પરવાળી ગયેલ પરંતુ ભોગબનનાર પાછી આવેલ નહી. જેથી ફરીયાદીએ ભોગબનનારની આજુબાજુમાં તપાસ કરેલી પરંતુ તે મળી આવેલી નહી અને આ પ્રવિણભાઈની ખરીની બાજુમાં ઓરડી આવેલ હોય ત્યાં કોઈક કોઈક વખત દલારામ જોધાજી માજીરાણા આવતો હતો અને કોઈક કોઈક વખત ભોગબનનારની સાથે વાતચીત કરતો હતો. જેથી ભોગબનનાર જતી રહ્યા બાદ તપાસ કરતા જાણવા મળેલ કે, આ દલારામ માજીરાણાનાઓ ભોગબનનારને ભગાડીને લઈ ગયેલા છે અને આ દલારામનાઓ તા.૩૦/૦૬/૨૦૨૫ ના રોજ સવારે જતા રહેલા અને ફરીયાદીની ભોગબનનાર દીકરી પોતાની સાથે રોકડ રકમ લઈ ગયેલી તે રીતની વિગત જાહેર કરી કાયદેસર થવા માટે વિગતવારની ફરીયાદ ફરીયાદીએ તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ લાડોલ પોલીસ સ્ટેશને આપેલી છે.

(૨) ફરીયાદીની ફરીયાદ આધારે લાડોલ પોલીસે લાડોલ પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૬૦૭૯૨૫૦૧૧૩/૨૦૨૫ થી બી. એન. એસ. ની ક.૧૩૭(૨), ૮૭ મુજબનો ગુનો દાખલ કરેલો. ત્યારબાદ પોલીસની તપાસમાં ભોગબનનાર મળી આવતા અને ગુનાની તપાસ દરમ્યાન કેટલીક વિગતો જાહેર કરતા પોલીસે બી.એન.એસ. ની ક. ૬૪ (૨)(એમ), ૬૫(૧) તથા પોક્સો એક્ટની ક.૪(૨), ૫(એલ), ૬, ૮ , ૧૨ મુજબનો કલમ ઉમેરાનો રીપોર્ટ કરેલ. ત્યારબાદ પોલીસની તપાસમાં આરોપી મળી આવતા તેઓની ધરપકડ કરવામાં આવેલ અને નિયત સમયમર્યાદામાં આરોપીને કોર્ટમાં રજુ કરતા જયુડીશીયલ કસ્ટડીમા લેવામા આવેલા છે.

Next Page No.:8

આ કામે પોલીસની તપાસ પૂરી થતાં પોલીસે બી.એન.એસ. એસ. ની ક.૧૯૩ મુજબ આરોપી વિરૂધ્ધ બી.એન.એસ. ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોક્સો એક્ટની ક.૪(૨), ૫(એલ), ૬, ૮ તથા ૧૨ મુજબના ગુનાના આક્ષેપો કરતું ચાર્જશીટ સ્પે.પોક્સો કોર્ટમાં તા.૧૨/૦૧/૨૦૨૬ ના રોજ રજૂ કરતા તેને સ્પે. પોક્સો કેસ રજીસ્ટરે સ્પે.પોકસો કેસ નં.૦૨/૨૦૨૬ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૩) આ કામે આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોય તેઓને જેલમાંથી હાજર રખાવવામાં આવેલા. ત્યારબાદ આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે અને આરોપીએ પોતાના બચાવ માટે ખાનગી વકીલ રોકેલા છે. ત્યારબાદ આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ મળી ગયેલાની ખાત્રી કર્યા બાદ આંક-૬ થી આરોપી વિરૂધ્ધ બી.એન.એસ. ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોક્સો એક્ટની ક.૪(૨), ૫(એલ), ૬, ૮ તથા ૧૨ મુજબનું ગુનાનું તહોમત ફરમાવી આરોપીની પ્લી નોંધતા આરોપીએ પોતે ગુનો કરેલાનું ઈન્કાર કરેલો છે તેથી ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસની હકીકત સાબિત કરવા માટે ઉપર ટેબલમાં જણાવ્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

આ સિવાય બીજો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષ તરફથી આ ફરીયાદના કામે રજૂ કરવામાં આવેલ નથી.

(૫) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફરીયાદપક્ષની પુરાવામાં આરોપી વિરુદ્ધ જે વિગતો રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે તેનો ખુલાસો કરવા માટે બી.એન.એસ.એસ.ની ક.૩૫૧ મુજબ

આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ પોતાના વિરુદ્ધની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને ખોટો કેસ કરવામાં આવેલો છે તે રીતની વિગત રજુ કરેલી છે.

(૬) આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.સરકારી વકીલશ્રીની લંબાણપૂર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં ફરીયાદી અને ભોગબનનાર ફરી ગયેલા જાહેર થયેલા છે પરંતુ આ કિસ્સામાં ફરીયાદપક્ષ તરફથી જે પુરાવો રજુ કરવામાં આવેલો છે તેમાં ભોગબનનાર સગીર વયના હોવાની હકીકત સાબિત કરવામાં આવેલી છે. વધુમાં ફરીયાદીએ ફરીયાદ આપી તે સમયે ભોગબનનાર ઘરેથી જતી રહેલી હતી તે બાબત પણ સાબિત થયેલી છે. આ સિવાય ડોક્ટરે ભોગબનનારની શારીરિક તપાસણી કરેલી અને મેડીકલ સર્ટીફીકેટ આપેલ છે તેમજ આરોપીની શારીરિક તપાસણી કરેલી પણ ડોક્ટરે કરેલી છે અને તેઓનું મેડીકલ સર્ટીફીકેટ આપેલ છે જે પુરાવામાં રેકર્ડ ઉપર સાબિત કરવામાં આવેલ છે. આ સિવાય પંચોએ પંચનામાંની વિગતોને સમર્થન આપેલ છે અને ત.ક.અ. એ ગુનાની તપાસ કરેલી છે જેમાં આરોપીએ ગુનો કરેલાની વિગત તેઓને તપાસ કરતા માલુમ પડેલી છે. જેથી આરોપી વિરુદ્ધ ગુનાનું ચાર્જશીટ કરેલ છે. આવા સંજોગોમાં ફરીયાદપક્ષ તરફથી પુરાવો રજુ કરીને આરોપી વિરુદ્ધ તહોમતનામાંના વિગતે પોતાનો કેસ સાબિત કરવામાં આવેલો હોવાથી આરોપીને તકસારવાન ઠરાવી સખતમાં સખત સજા કરવા દલીલ કરેલી છે.

(૭) આ કામે આરોપી તરફે વિ.વ.શ્રીની લંબાણપૂર્વકની મૌખિક દલીલો સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં ભોગબનનારને આંક–૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને આ ભોગબનનારે હાલના આરોપી ભોગબનનારને લઈ ગયેલ હોય તે રીતની વિગતને સમર્થન આપેલ નથી. વધુમાં હાલના આરોપીને

કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ નથી તેમજ કોઈ ગુનાબનાવવાળી જગ્યા પોલીસને બતાવેલી નથી તેમજ ભોગબનનારે પોતાની સાથે કોઈ બનાવ બનેલો હોય તેવી કોઈ વાત પોતાના માતા–પિતાને જણાવેલી નથી. વધુમાં ડોક્ટર સમક્ષની હીસ્ટ્રી અને જજ સાહેબ સમક્ષના નિવેદનની વિગત તેઓના માતાએ જે રીતે લખાવવાની કહેલ તે રીતની લખાવેલી છે. આ સિવાય ફરીયાદી તથા ફરીયાદીની પત્ની ફરી ગયેલા જાહેર થયેલા છે. આવા સંજોગોમાં ભોગબનનાર પોતે બનાવની વિગતને સમર્થન આપતા નથી અને તે સંજોગોમાં ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થાય છે. જેથી આરોપીને ગુનામાં તકસારવાન ઠરાવી શકાય નહી તે રીતની દલીલ કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલી છે.

(૮) આ કામે હાલના કેસના નિર્ણય માટે કેસનું તમામ રેકર્ડ ગંભી–રતાથી વંચાણે લીધું.

(૯) ઉપરોક્ત હકીકતે હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઃ–**

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, બનાવ સમયે બનાવના અરસામાં આરોપીએ ભોગબનનારને તેના કાયદેસરના વાલીપણામાંથી, કાયદેસરના વાલીની પરવાનગી સિવાય, ગેરકાયદેસર રીતે લઈ જઈ, ભોગબનનારની સાથે એક કરતાં વધારે વખત શરીર સંબંધ બાંધી, બળાત્કાર કરી ગુનો કરેલો છે?

૨. શું હુકમ ?

(૧૦) ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. મુદ્દા નં.૧: નકારમાં

૨. મુદ્દા નં.૨: આખરી હુકમ મુજબ

ઉપરોકત નિર્ણય માટેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

## -// <u>કારણો</u> //-

**<u>મુદ્દા નં.૧:-</u>**

(૧૧) આ કામે ભોગબનનારને આંક-૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક-૧૦ થી બી.એન.એસ.એસ. ની કલમ-૧૮૩ મુજબનું અસલ નિવેદન રજૂ થયેલું છે તેમજ આંક-૧૧ થી ઓળખ કાર્ડ રજૂ થયેલું છે. સદરહુ ભોગબનનારને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને વિ.સરકારી વકીલશ્રીને ઉલટતપાસમાં પૂછી શકાય તે રીતના પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તે રીતની કોઈ વિગત વિ.સરકારી વકીલશ્રી ભોગબનનારની જુબાનીમાં રેકર્ડ ઉપર લાવી શકેલા નથી.

આવા સંજોગોમાં સદરહુ સાહેદની સરતપાસની વિગત ધ્યાને લેવામાં આવે તો ભોગબનનારે પોતાની સરતપાસમાં એવી હકીકત જણાવેલી છે કે,

> "આશરે બે-ત્રણ મહીના અગાઉ કુદડા મુકામે રહેતાં હતા. અમે કુદેડા મુકામે ખેતીવાડીની છુટક મજુરી કામ કરતાં હતા. મારે ત્યાં કોઈની સાથે સંપર્ક થયેલો નથી અને કો-ઈની સાથે પ્રેમસંબંધ બંધાયેલો નથી. મારે કોઇની સાથે પ્રેમ સંબંધ થયેલો અને તે છોકરાને મારા ભાઈ ઓળખી ગયેલા હોય તેવુ બનેલ નથી. મને કોઇ છોકરાએ એવું કહેલ નથી કે આપણી વચ્ચે પ્રેમસંબંધ થયેલો છે તેથી ઘરેથી ભાગી જઈએ.
>
> હું કોઈ છોકરા સાથે લાડોલથી ઉઝા, ઉઝા થી ધાનેરા, ધાનેરાથી સુરત ગયેલા હોય અને ત્યાં સુરતમાં ઓરડી રાખી તે છોકરા સાથે ઓરડીમાં રહેલી હોય તેવું બનેલું નથી. હુ કોઈ છોકરા સાથે ઓરડીમાં રહેલી હોય અને ત્યાં મારી સાથે તે છોકરાએ શારીરીક સબંધ બાંધેલો હોય તેવું બનેલું નથી. મને ડોકટર પાસે ચેક-અપ માટે લઈ ગયે-લા. મે ડોકટરને કોઈ વિગત લખાવેલી નથી. જજ સાહેબ પાસે મને લઈ ગયેલા અને ત્યાં મારી મમ્મીએ જેવું કહેલું તે મુજબ મે વિગત લખાવેલી. જજ સાહેબ પાસે નિવેદન લખાઈ ગયા બાદ તેઓએ મારો અંગુઠો લીધેલો."

આમ, ભોગબનનાર પોતાની સરતપાસમાં હાલના આરોપી

સાથે તેઓને પ્રેમ સંબંધ હોય અને આરોપી ભોગબનનારને લઈ ગયેલ હોય તે રીતની વિગતને તેઓ સમર્થન આપતા નથી. વધુમાં હાલના આરોપી સાથે તેઓ ઓરડીમાં રોકાયેલ હોય અને શારીરિક સંબંધ બાંધેલો હોય તે રીતની વિગતને પણ તેઓ સીધું કે સાંયોગિક સમર્થન આપતા નથી. વધુમાં આ કામે ભોગબનનારે પોલીસને કોઈ ગુના બનાવવાળી જગ્યા બતાવેલી નથી તેવું જણાવેલ છે. ભોગબનનાર આ કામના મુખ્ય અને મહત્વના સાહેદ છે અને તેઓ પોતે એવું જણાવતા હોય કે તેઓએ કોઈ ગુના બનાવવાળી જગ્યા પોલીસને બતાવેલી નથી તો તેઓને ન માનવા માટેનું કોઈ કારણ મને જણાતું નથી.

વધુમાં આ કામે ભોગબનનારે પોતાના માતા–પિતાને કોઈ વાતચીત કરેલી નથી તે રીતની હકીકત જણાવેલી છે. જેથી ભોગબન–નારની આ હકીકતને પણ ન માનવા માટેનું કોઈ કારણ મને જણાતું નથી જેથી ભોગબનનારની તે વિગત પણ માનું છું.

વધુમાં આ કામે ભોગબનનારે પોતાની જુબાનીમાં આરોપીના ઓળખના મુદ્દા ઉપર એવું જણાવેલું છે કે,

> "હું દલારામને ઓળખુ નથી. મને ટીવી સ્કીન પર એક ઈસમ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે, હું આ છોકરાને ઓળખતી નથી.
> નોંધ– ભોગબનનારને ટી.વી.સ્કીન ઉપર આરોપી દલા–રામ સન–ઓ જોધાજી નાગજી માજીરાણા (ભીલ)ના–ઓને બતાવવામાં આવેલા છે અને ભોગબનનારે તેઓને ઓળખી બતાવેલા નથી તેની નોંધ કરવામાં આવે છે."

આમ, ભોગબનનાર હાલના આરોપીને ઓળખી શકતા નથી અને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા નથી. જેથી ભોગબનનારની જુબાનીના આધારે હાલના આરોપીની ઓળખ પણ સાબિત થતી નથી તેમ માનું છું.

વધુમાં આ કામે આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ભોગબનનારની ઉલટતપાસ કરવામાં આવેલી છે અને તે ઉલટતપાસમાં મહત્વની એવી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે કે,

"એ વાત ખરી છે કે, બનાવના દિવસે ઘરકામ બાબતે મારે

મારી મમ્મી સાથે ઝઘડો થતાં હું મારી જાતે ઘરેથી એકલી નીકળી ગયેલી. એ વાત ખરી છે કે,મને લાગી આવતાં હું કોઈને પણ કહયા વગર મારા દાદી–દાદાને ગુગસ રાજ–સ્થાન મુકામે જતી રહેલી. એ વાત ખરી છે કે, મારા દાદી–દાદાના ઘરે ગુગસ મુકામે ચારેક મહીના સુધી રહેલી. એ વાત ખરી છે કે,ફરીયાદ થયેલાની વિગત મારા દાદા–દાદીને ખબર પડતાં તેઓ મને મારા માતા–પિતાને ત્યાં કુદેડા મુકામે આવીને મુકી ગયેલા.

એ વાત ખરી છે કે,મને પોલીસ સ્ટેશન લઇ ગયેલા તે સમય મારા સગાવાલા મારી સાથે હાજર હતા. એ વાત ખરી છે કે,પોલીસે માત્ર મારૂ નામ અને સરનામું પુછેલું તે સિવાય બીજી કોઇ વિગત પોલીસે મને પુછેલી નથી અને મે પોલીસને લખાવેલી નથી. એ વાત ખરી છે કે,ડોકટર પાસે શારીરીક તપાસણી વખતે મારી માતા હાજર હતા અને તેઓએ ડોકટરને બધી વિગતો લખાવેલી.

એ વાત ખરી છે કે, જજ સાહેબ પાસે નિવેદન લખાવ–વા માટે મને લઇ જવામાં આવી ત્યારે મારા મમ્મી–પપ્પાએ જે જે વિગતો લખાવવાની કહેલી તે મુજબ તે–ઓના શીખવાડીયા મુજબ મે જજ સાહેબ પાસે વિગતો લખાવેલી. મને મારી જન્મ તારીખની કોઈ ખબર નથી. એ વાત ખરી છે કે,મને કોઇ છોકરો ભગાડી ગયો નથી. એ વાત ખરી છે કે, આરોપીએ મારી સાથે મારી મરજી થી કે મારી મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધેલો નથી. એ વાત ખરી છે કે,હું આરોપી દલારામને ઓળખતી નથી."

આવા સંજોગોમાં ભોગબનનારે ઉલટતપાસમાં કબુલ કરેલી આ મહત્વની વિગતને ધ્યાને લેવામાં આવે તો બનાવના દિવસે ભોગબનનાર પોતાની માતા સાથે ઝઘડો થતા તેઓ ઘરેથી એકલા નીકળી ગયેલા અને પોતાના દાદા–દાદીને ત્યાં ગુગસ રાજસ્થાન મુકામે ગયેલા અને ત્યાં ચારેક મહિના રહેલા અને ત્યારબાદ દાદા–દાદીને ફરીયાદ થયેલાની વિગતની જાણ થતા ભોગબનનારને તેઓ ફરીયાદીને ત્યાં મૂકી ગયેલા છે. આમ, હાલના આરોપી ભોગબનનારને લઈ ગયેલા હોય તે રીતની વિગતને ભોગબનનાર સરતપાસ કે ઉલટતપાસમાં સીધું કે સાંયોગિક સમર્થન આપતા નથી.

વધુમાં ડોક્ટર સમક્ષની હિસ્ટ્રીની વિગત ભોગબનનારની માતાએ લખાવેલી છે. જેથી તે બાબત પણ શંકાના વર્તુળમાં આવી જાય છે. આ સિવાય બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબના

નિવેદનની વિગત ભોગબનનારના માતા પિતાએ જે મુજબ શીખવાડેલી તે મુજબ ભોગબનનારે લખાવેલાનું જણાવેલ છે. ભોગબનનાર સગીર છે અને તેઓએ બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન સ્વતંત્ર રીતે લખાવેલ નથી. જેથી નિવેદનની વિગત પણ શંકાના વર્તુળમાં આવી જાય છે તેમ માનું છું.

આવા સંજોગોમાં ભોગબનનારની સમગ્ર જુબાનીની વિગતો ધ્યાને લેતા સદરહુ ભોગબનનાર ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ વિગત જણાવતા નથી તેથી સદરહુ ભોગબનનાર ફરીયાદપક્ષને મદદરૂપ થતા નથી તેમ માનું છું.

(૧૨) આ કામે ફરીયાદી રમેશભાઈ લક્ષ્મણભાઈ પારગીનાઓને આંક–૧૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહુ ફરીયાદીની જુબાનીમાં આંક–૧૩ થી અસલ ફરીયાદ રજૂ થયેલી છે તેમજ આંક–૧૪ થી ભોગબનનારના જન્મનો દાખલો રજૂ થયેલો છે. સદરહુ ફરીયાદીને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને વિ.સરકારી વકીલશ્રીને ઉલટતપાસમાં પૂછી શકાય તે રીતના પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તે રીતની કોઈ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી નથી. આવા સંજોગોમાં સદરહુ ફરીયાદીની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો બનાવ ચારેક મહિના પહેલા બનેલો અને તે સમયે તેઓની ભોગબનનાર દીકરી ખરીમાં સંડાસ કરવા જવાનું કહીને ગયેલા અને પરત મળી આવેલી નહી તેમજ ભોગબનનારની સાથે આરોપીએ કોઈ શરીર સંબંધ બાંધેલો હોય તે રીતની વિગતને તેઓએ સીધું કે સાંયોગિક સમર્થન આપેલું નથી. વધુમાં હાલના આરોપીને આ ફરીયાદી કોર્ટ રૂબરૂ ઓળખી શકતા નથી તેમજ ફરીયાદ લોકોના કહેવાથી આપેલી. આ સિવાય ઉલટ તપાસની વિગત ધ્યાને લેવામાં આવે તો ઉલટતપાસમાં આ ફરીયાદીએ એવું સ્પષ્ટ કબુલ કરેલ છે કે,

"એ વાત ખરી છે કે, બનાવ દિવસ હું તથા મારો દિકરો

જમવા બેઠેલા હતા. એ વાત ખરી છે કે, બનાવની કોઇ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે. બનાવના દિવસે ઘરકામ બાબતે ભોગબનનારને તેની મમ્મી સાથે ઝઘડો થતાં તેની જાતે ઘરેથી એકલી નીકળી ગયેલી.

એ વાત ખરી છે કે ભોગબનનારને લાગી આવતાં કોઇને પણ કહયા વગર મારા માતા–પિતાના ઘરે ગુગસ રાજસ્થાન મુકામે જતી રહેલી. એ વાત ખરી છે કે, મારા માતા–પિતના ઘરે ગુગસ મુકામે ભોગબનનાર ચારેક મહીના સુધી રહેલી. એ વાત ખરી છે કે, ફરીયાદ થયેલાની વિગત મારા માતા–પિતાને ખબર પડતાં તેઓ મારી ભોગબનનાર દિકરીને અમારે ત્યાં કુદેડા મુકામે આવીને મુકી ગયેલા.

એ વાત ખરી છે કે,મે ફરીયાદ લોકોના કહેવાથી આપેલી. એ વાત ખરી છે કે, પોલીસને મે ફકત મારુ નામ, સરનામું પુછેલું તે સિવાય બીજી કોઇ વિગત લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મારી ભોગબનનાર દિકરીની શારીરીક તપાસણી વખતે મારી પત્ની સાથે ગયેલી.

એ વાત ખરી છે કે, જજ સાહેબ સમક્ષ નિવેદન લખાવવા સારુ મારી ભોગબનનાર દિકરી સાથે મારી પત્ની ગયેલી. એ વાત ખરી છે કે, મારી ભોગબનનાર દિકરીએ મને કોઇ હકિકત જાણાવેલી નથી. એ વાત ખરી છે કે, મારી ભોગબનનાર દિકરી મળી આવ્યા બાદ પોલીસે માત્ર મારુ નામ સરનામું પુછેલી તે સિવાય પોલીસે બીજી કોઇ વિગત મને પૂછેલી નથી કે મે લખાવેલી નથી."

આમ, ઉલટતપાસની આ વિગતને ધ્યાને લેવામાં આવે તો ભોગબનનારને તેઓની માતા સાથે ઝઘડો થતાં ઘરેથી નીકળીને ફરીયાદીના માતા–પિતાને ત્યાં રાજસ્થાનમાં ગુગસ મુકામે ગયેલા અને ચારેક મહિના બાદ ફરીયાદીના માતા–પિતા આ ભોગબનનારને કુદેડા મુકામે ફરીયાદીના ઘરે આવીને મુકી ગયેલા. આ સિવાય પોલીસે ફરીયાદીને માત્ર નામ અને સરનામું પૂછેલું છે તે સિવાય બીજી કોઈ વિગત ફરીયાદીએ પોલીસને લખાવેલી નથી. જેથી ફરીયાદની વિગત ફરીયાદીએ પોતે લખાવેલાની વિગત અને ફરીયાદી પોતે સમર્થન કરતા ન હોય તો આંક–૧૩ વાળી ફરીયાદની વિગતો પણ શંકાના વર્તુળમાં આવી જાય છે તેમ માનું છું.

વધુમાં ફરીયાદીની જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો

ડોક્ટર સમક્ષ શારીરિક તપાસણી સમયે ફરીયાદીની પત્ની ગયેલા હતા તેમજ જજ સાહેબ પાસે નિવેદન લખાવવા માટે સાહેદની પત્ની ગયેલી હતી, તે સિવાય બીજી કોઈ વિગત આ ફરીયાદી જણાવતા નથી. આવા સંજોગોમાં સદરહુ ફરીયાદીની સમગ્ર જુબાનીની વિગતો ધ્યાને લેતા આ ફરીયાદી ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ વિગત જણાવતા નથી અને તેથી આ ફરીયાદી ફરીયાદ પક્ષને મદદરૂપ થતા નથી તેમ માનું છું.

(૧૩) આ કામે સાહેદ મધીબેન વા/ઓ રમેશભાઈ લક્ષ્મણભાઈ પારગીનાઓને આંક–૧૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહુ સાહેદ ભોગબનનારની માતા છે અને આ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામા આવેલા છે અને વિ.સરકારી વકીલશ્રીને ઉલટતપાસમાં પૂછી શકાય તે રીતના પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તે રીતની કોઈ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલી નથી.

આવા સંજોગોમાં સદરહુ સાહેદની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો બનાવના દિવસે સાહેદ પોતાના ઘરે હાજર ન હતા અને પોતાની ભોગબનનાર દીકરી સાથે ફોન ઉપર બોલાચાલી થતા ભોગબનનાર ઘરેથી નીકળી ગયેલ અને સાહેદના સાસુ રાજસ્થાન મુકામે રહેતા હોય રાજસ્થાનના ગુગસ મુકામે જતી રહેલી અને ત્યાં ચારેક મહિના સુધી રહેલી અને સાહેદના સાસુ–સસરાને ખબર પડતા તે ભોગબનનારને કૂદેડા મુકામે મૂકી ગયેલા. આમ, હાલના આરોપી ભોગબનનારને લઈ ગયેલ હોય તે રીતની વિગતને આ સાહેદ સીધું કે સાંયોગિક સમર્થન આપતા નથી.

વધુમાં ડોક્ટર સમક્ષની હિસ્ટ્રીના મુદ્દા ઉપર આ સાહેદે ડોક્ટર અને ભોગબનનારની હિસ્ટ્રી લખાવેલી છે. આમ, ભોગબનનારના જણાવ્યા અનુસાર તેઓએ ડોક્ટરને કોઈ વિગત જણાવેલી નથી તે હકીકતને સીધું સમર્થન આપે છે અને તેથી ભોગબનનારની ડોક્ટર સમક્ષની હિસ્ટ્રી શંકાના વર્તુળમાં ઉપરોક્ત વિગતે આવી જાય છે તેમ

માનું છું.

વધુમાં બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન લખાવતી વખતે તેમાં શું હકીકતો લખાવવી તે વિગતો સાહેદે ભોગબનનારને શીખવાડેલી અને ભોગબનનારે પણ પોતાના માતા પિતાએ જે મુજબ નિવેદન લખાવવાનું શીખવાડેલ તે મુજબ નિવેદન લખાવેલાની હકીકત જુબાનીમાં જણાવેલી છે. જેથી સાહેદની જુબાની તથા ભોગબનનારે પોતાની જુબાનીમાં જણાવેલી વિગતોના આધારે આંક–૧૦ વાળું બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન ભોગબનનારે પોતાની મરજીથી લખાવેલ નથી તેવું સાબિત થાય છે તેમ માનું છું.

(૧૪) આ કામે ડો. યોગેશકુમાર રતનભાઇ રાઠવાનાઓને આંક–૧૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહુ ડોક્ટરની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો તા.૨૨/૧૧ / ૨૦૨૫ ના રોજ વડનગર જી.એમ.ઇ.આર.હોસ્પિટલમાં ગાયનેક ડોક્ટર તરીકે હાજર હતા અને તે સમયે ભોગબનનારની સી.એચ.સી.,ખરોડની રીફર ચીટ સાથે શારીરિક તપાસણી માટે લાવતા તેઓએ ભોગબનનારની સંમતિ મેળવી ઓળખમાં ચિન્હની નોંધ કરી ભોગબનનારની હિસ્ટ્રી નોંધેલી અને ભોગબનનારની શારીરિક તપાસણી કરેલી અને તે બાબતેનું મેડિકલ સર્ટિફિકેટ આંક–૧૭ થી રજૂ કરેલ છે તેમજ આંક–૧૮ થી રીફર ચીટ અને આંક–૧૯ થી કેસ પેપર્સ અને આંક–૨૦ થી ફોર્મ–ટુ બી રજૂ કરેલ છે. વધુમાં આ ડોક્ટરની ઉલટ તપાસની વિગતો ધ્યાને લેવામાં આવે તો આ ડોક્ટરે પોતાની ઉલટ તપાસમાં મહત્વની એવી હકીકત કબુલ કરેલી છે કે,

> "એ વાત ખરી છે કે, ભોગબનનારના શારીરીક તપાસણી વખતે તેના સગાસંબંધી સાથે હાજર હતા. એ વાત ખરી નથી કે, ભોગબનનારની હિસ્ટ્રી જાતે લખી લીધેલી. એ વાત ખરી છે કે, ભોગબનનાર મારી પાસે આવ્યા તે પહેલા તેના સગાઓ સાથે વાતચીત કરતાં હતા. એ વાત ખરી છે કે, ભોગબનનાર તથા તેની સાથે આવેલા સગાઓના

> અંગુઠાઓ લેવામાં આવેલા છે. એ વાત ખરી છે કે, ભોગબનનાર અને તેના સગાવાલાઓ અંગુઠા કરતાં હો-વાથી તેઓને લખતાં વાંચતાં આવડતું ન હતુ. એ વાત ખરી છે કે, જે લખાણ નીચે અંગુઠો લેવામાં આવેલો તે લખાણ આ લોકોને વાંચી સંભળાવેલ હોય તેવો કોઈ શેરો નથી. એ વાત ખરી નથી કે, મે કોરા કાગળ ઉપર અંગુઠા લઈ લીધેલા અને પાછળથી મે મારા હિસાબે લખાણ લખી લીધેલું.
>
> એ વાત ખરી છે કે, ભોગબનનારની તપાસણી કરેલી તે સમયે ભોગબનનારના ગુપ્ત ભાગે કે બાહ્ય ભાગે કોઈ ઈજાના ચિન્હો જોવા મળેલા નહી."

આમ, આ ઉલટતપાસની વિગત ધ્યાને લેતા ભોગબનનારને ડોક્ટર પાસે લાવવામાં આવ્યા ત્યારે ભોગબનનાર તેઓના સગા વહાલાઓ સાથે વાતચીત કરતા હતા અને શારીરિક તપાસણી વખતે ભોગબનનારના સગા વહાલાઓ હાજર હતા. વધુમાં ભોગબનનાર અને તેના સગા વહાલાઓને લખતા વાંચતા આવડતું નથી અને તે માટે તેઓનો અંગૂઠો લેવામાં આવેલો છે. આવા સંજોગોમાં ડોક્ટરે લખેલી વિગતો ભોગબનનારને અને તેની માતાને વાંચી સંભળાવી હોય તેવો કોઈ શેરો કરેલો નથી તેથી હિસ્ટ્રીની વિગત ભોગબનનારે લખાવેલી છે કે ભોગબનનારની માતાએ લખાવેલી છે કે ડોક્ટરે પોતાની જાતે પોતાના હિસાબે લખી લીધેલી છે તે મુદ્દા ઉપર શંકા ઉપસ્થિત થાય છે. તે સિવાય ડોક્ટરની શારીરિક તપાસણી દરમિયાન ભોગબનનારની ઉંમર ૧૬.૫ વર્ષથી ૧૮ વર્ષ વચ્ચેની હોવાનું માલુમ પડેલ છે અને આરોપી સાથે ભોગબનનારે શારીરિક સંબંધ બાંધેલો તે રીતની વિગત ડોક્ટરે જણાવેલી છે પરંતુ હિસ્ટ્રીના મુદ્દા ઉપર વિરોધાભાસ આવતો હોવાથી ડોક્ટરની જુબાનીની આ હકીકત માની શકાય નહીં તેવું મારું શુદ્ધબુદ્ધિપૂર્વકનું ઉપરોક્ત ચર્ચાની વિગતે માનવું છે.

(૧૫) આ કામે પંચ જ સથવારા નિકિતાબેન અરવિંદભાઈનાઓને આંક-૨૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક-૨૨ થી ગુનાબનાવવાળી જગ્યાનું પંચનામું રજૂ થયેલું

છે. સદરહુ પંચની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ સદરહુ પંચ તથા બીજા પંચ જીતેન્દ્રભાઈ રાવળનાઓ લાડોલ પોલીસ સ્ટેશન સાંજના કલાક ૭:૩૦ વાગ્યાના અરસામાં ગયેલા અને તે સમયે ભોગબનનારે ગુના બનાવવાળી જગ્યા બતાવવાનું જણાવતા ભોગબનનારની સાથે ગયેલા અને ત્યાં ભોગબનનારે જે જગ્યા બતાવેલી તે જગ્યાનું પંચનામું કરેલું છે તે રીતની વિગત તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલી છે, પરંતુ ભોગબનનાર પોતે સોગંદ ઉપરની જુબાનીમાં પોલીસને કોઈ ગુના બનાવવાળી જગ્યા બતાવેલી હોય તે રીતની વિગતને સમર્થન આપતા નથી અને તે સંજોગોમાં ભોગબનનાર પોતે ગુના બનાવવાળી જગ્યા પોલીસને બતાવેલાનો સ્પષ્ટ ઈનકાર કરેલો હોવાથી આંક–૨૨ વાળા ગુના બનાવવાળી જગ્યાના પંચનામામાં જે ગુના બનાવવાળી જગ્યા બતાવવામાં આવેલી છે તે શંકાના વર્તુળમાં આવી જાય છે તેમ માનું છું.

(૧૬) આ કામે ડો.પરેશભાઈ નારણભાઈ દેસાઈનાઓને આંક–૨૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહુ ડોક્ટરની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો તા.૨૧/ ૧૧/ ૨૦૨૫ ના રોજ સી.એચ.સી. ખરોડ ખાતે મેડિકલ ઓફિસર તરીકે ફરજ ઉપર હાજર હતા તે સમયે લાડોલ પોલીસ સ્ટેશન તા.વિજાપુરનાઓની યાદી સાથે ભોગબનનારને શારીરિક તપાસણી માટે લાવવામાં આવેલા અને તેઓએ ભોગબનનારની શારીરિક તપાસણી કરેલી અને તે બાબતેનું મેડિકલ સર્ટિફિકેટ આંક–૨૫ થી રજૂ કરેલ છે અને આંક–૨૬ થી કેસ પેપર્સ અને આંક–૨૭ થી સેમ્પલ માટેનું ફોર્મ ટુ.બી. રજૂ કરેલ છે. વધુમાં આરોપીને પણ આ ડોક્ટરે તપાસેલા છે અને તે બાબતે આરોપી શારીરિક સંભોગ કરવા માટે સક્ષમ છે તે અભિપ્રાય આપેલ છે અને આરોપીની શારીરિક તપાસણીનું મેડિકલ સર્ટિફિકેટ આંક–૨૮ થી રજૂ કરેલ છે અને કેસ પેપર્સ આંક–૨૯ થી તથા ફોર્મ ટુ.બી. આંક–૩૦ થી રજૂ કરેલ છે. વધુમાં સદરહુ ડોક્ટરની ઉલટ તપાસની વિગતો ધ્યાને

લેતા ભોગબનનારને શારીરિક ચકાસણી માટે લાવવામાં આવ્યા ત્યારે ભોગબનનાર તેના સગા વહાલાઓ સાથે વાતચીત કરતા હતા અને ભોગબનનારના સગા વાહલાનાઓ તેમજ ભોગબનનારના અંગૂઠાઓ લેવામાં આવેલા અને આ અંગૂઠાઓ લેવામાં આવેલા ત્યાં તેઓને લખાણ વાંચી સંભળાવવામાં આવેલ છે તેનો કોઈ શેરો કરવામાં આવેલો નથી. આવા સંજોગોમાં આ ડોક્ટર સમક્ષની ભોગબનનારની હિસ્ટ્રીની વિગત અને અન્ય વિગતો ભોગબનનારે જાતે લખાવેલી છે કે ભોગબનનારની માતાએ લખાવેલી છે કે ડોક્ટરે પોલીસ યાદીના આધારે જાતે લખેલી છે તેવી બાબત શંકા ઉપસ્થિત કરે છે તેવું મારું શુદ્ધબુદ્ધિપૂર્વકનું માનવું છે.

(૧૭) વધુમાં આરોપીના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન જોવા મળેલા ન હતા અને તેથી ડોક્ટરની જુબાનીની વિગતને ધ્યાને લેતા ભોગબનનારની હિસ્ટ્રી શંકાના વર્તુળમાં આવી જાય છે તેવું સંજોગોને આધીન માનવા માટે વ્યાજબી કારણ છે તેમ માનું છું.

(૧૮) આ કામે પંચ દુર્ગેશચંદ્રસિંહ ઇન્દ્રજીતસિંહ રાઠોડનાઓને આંક-૩૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક-૩૨ થી ભોગબનનારના કપડા કબજે કરવામાં આવેલાનું પંચનામું રજૂ થયેલું છે તેમજ આંક-૩૩, ૩૪, ૩૫ થી પંચ સ્લીપ રજૂ થયેલી છે. વધુમાં આંક-૩૬ થી આરોપીના કપડા કબજે કરેલાનું પંચનામુ રજૂ થયેલું છે. આંક-૩૭, ૩૮ થી પંચ સ્લીપ રજૂ થયેલી છે. આવા સંજોગોમાં સદરહુ પંચની સમગ્ર જુબાનીની વિગતો ધ્યાને લેતા ભોગબનનારે તેઓ રૂબરૂ કપડાં રજુ કરેલા છે અને તે કપડાં કબજે લેવામાં આવેલા છે, તેવી જ રીતે આરોપીએ પણ આ પંચ રૂબરૂ પોતાના કપડાં રજૂ કરેલા છે ને તે પણ કબજે લેવામાં આવેલા છે તે રીતની વિગતને સમર્થન આપે છે. જેથી સદરહુ પંચની જુબાનીના આધારે આંક-૩૨ તથા આંક-૩૬ વાળુ પંચનામું તેની વિગતે સાબિત

થાય છે તેમ માનું છું.

(૧૯) આ કામે તલાટી કમ મંત્રી રાવત સંતોષભાઈ વાઘાભાઈ નાઓને આંક–૩૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૪૦ થી ભોગબનનારના જન્મની નોંધણીના રજીસ્ટરના પાનની ખરી નકલ રજૂ થયેલી છે. સદરહુ સાહેદની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો સાહેદ સને–૨૦૨૩ ના વર્ષથી તલાટી કમ મંત્રી તરીકે ધુધસ, તા.ફતેપુરા, જી.દાહોદ ખાતે ફરજ બજાવે છે અને ભોગબનનારના જન્મની નોંધણી જે રજીસ્ટરમાં થયેલી તે રજીસ્ટર સાથે લાવેલા અને ભોગબનનારનો જન્મ રજીસ્ટર ના અનુક્રમ નં.૬૫ ઉપર થયેલો અને તે મુજબ ભોગબનનારની જન્મ તા.૦૫/૦૬/૨૦૧૦ અને જન્મ નોંધણીની તા.૦૬/૦૬/૨૦૧૦ ની વિગતને સમર્થન આપી આંક–૪૦ થી રજીસ્ટરના પાનની ખરી નકલ રજૂ કરેલ છે અને આંક–૧૪ વાળો દાખલો ઓનલાઈન ડિજિટલ સહીથી આપવામાં આવેલો છે તે રીતની વિગતને તેઓએ સમર્થન આપેલ છે. વધુમાં આ ભોગબનનારના જન્મની નોંધણી ભોગબનનારના પિતાએ કરાવેલી છે જેથી સદરહુ સાહેદની જુબાનીના આધારે ભોગબનનારની જન્મ તા.૦૫/૦૬/૨૦૧૦ ના રોજ ની હોવાની સાબિત થાય છે અને તેથી ભોગબનનાર ફરીયાદની તારીખે સગીર વયના હતા તેવું સાબિત થાય છે તેમ માનું છું.

(૨૦) આ કામે ત.ક.અ. સોલંકી ગજેન્દ્રસિંહ અજીતસિંહનાઓને આંક–૪૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહુ તપાસ કરનાર અમલદારની સોગંદ ઉપરની જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ લાડોલ પોલીસ સ્ટેશન ખાતે પી.આઇ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ફરીયાદી રમેશભાઈ લક્ષ્મણભાઈ પારગી, રહે.કૂદેડા, તા.વિજાપુરવાળાઓએ આવીને ફરીયાદ હકીકત લખાવતા તેઓના લખાવ્યા મુજબ ફરીયાદ

હકીકત લખી લીધેલી. ત્યારબાદ ગુનો રજીસ્ટર કરવામાં આવેલો અને ગુનાની તપાસ સાહેદ તરફ આવતા તેઓએ ગુનાની તપાસ સંભાળી લીધેલી ત્યારબાદ તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને ભોગબનનાર મળી આવતા તેઓનું નિવેદન નોંધેલ, શારીરિક તપાસણી કરાવેલી, કલમ ઉમેરાનો રિપોર્ટ કરેલો અને આરોપીની ધરપકડ કરેલી અને તપાસાના અંતે પૂરતો પુરાવો મળી આવતા ગુનાનું ચાર્જશીટ કરેલું છે. તે સિવાય વિશેષ કોઈ વિગત તેઓની જુબાનીમાં રેકર્ડ ઉપર આવતી નથી તેમ માનું છું.

(૨૧) આવા સંજોગોમાં ફરીયાદપક્ષનો તમામ પુરાવો એકીસાથે ગંભીરતાથી ધ્યાને લેવામાં આવે તો આ કેસમાં ભોગબનનાર પોતાની જુબાનીમાં હાલના આરોપી ભોગબનનારને પોતાની સાથે લઈ ગયેલા હોય અને કોઈ શરીર સંબંધ બાંધેલો હોય તે રીતની વિગતને સીધું કે સાંયોગિક સમર્થન આપતા નથી તેમજ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા નથી. જેથી હાલના આરોપી ભોગબનનારને પોતાની સાથે લઈ ગયેલા હોય અને ભોગબનનારની સાથે એક કરતાં વધારે વખત અલગ અલગ સમયે શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલો હોય તે રીતની વિગતને સમર્થન ન મળતું હોવાથી તે હકીકત સાબિત થતી નથી તેમ માનું છું.

વધુમાં આ કામે બી.એન.એસ.એસ. ની ક.૧૮૩ મુજબનું નિવેદન તથા ડોક્ટર સમક્ષની હિસ્ટ્રી શંકાના વર્તુળમાં આવી જાય છે. આ સિવાય ભોગબનનારના માતા અને પિતા બનાવની વિગતને અને ફરીયાદની હકીકતને સીધું કે સાંયોગિક સમર્થન આપતા નથી અને આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા નથી. આવા સંજોગોમાં આ તમામ બાબતો ધ્યાને લેતા ફરીયાદપક્ષ રજૂ કરેલા પુરાવાના આધારે એ હકીકત સાબિત કરી શકતો નથી કે, બનાવ સમયે બનાવના અરસામાં આરોપીએ ભોગબનનારને તેના કાયદેસરના વાલીપણામાંથી, કાયદેસરના વાલીની પરવાનગી સિવાય, ગેરકાયદેસર રીતે લઈ જઈ,

ભોગબનનારની સાથે એક કરતાં વધારે વખત શરીર સંબંધ બાંધી, બળાત્કાર કરી ગુનો કરેલો છે, જેથી મુદ્દા નં.૧ નો જવાબ "નકારમાં" આપું છું.

**<u>મુદ્દા નં.૨:-</u>**

(૨૨) આ કામે ફરીયાદપક્ષ તરફથી જે પુરાવો રજૂ કરવામાં આવેલો છે તે પુરાવાનું મૂલ્યાંકન કરતા હાલના કેસમાં ભોગબનનાર સગીર વયના હોવાની હકીકત સાબિત થાય છે પરંતુ આ ભોગબનનારને આરોપી પોતાની સાથે લઈ ગયેલા હોય અને ભોગબનનારની સાથે એક કરતાં વધારે વખત અલગ અલગ સમયે શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલો હોય તે રીતની વિગતને સીધું કે સાંયોગિક સમર્થન મળતું નથી અને તેથી તે હકીકત સાબિત થતી નથી. આવા સંજોગોમાં ફરીયાદપક્ષ રજુ કરેલા પુરાવાના આધારે પોતાનો કેસ તહોમતનામાંની વિગતે સાબિત કરવામાં નિષ્ફળ નીકળેલ છે જેથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં તેમાં માની નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**-// <u>હુકમ</u> //-**

આથી બી.એન.એસ.એસ. ની ક.૨૫૮(૧) મુજબ આરોપીને તેઓની સામેના બી.એન.એસ. ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોક્સો એક્ટની ક.૪(૨), ૫(એલ), ૬, ૮ તથા ૧૨ મુજબના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોઈ આરોપીને તાત્કાલિક અસરથી જેલમુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, બી.એન.એસ.એસ.ની ક.૪૮૧ મુજબ આરોપીએ રૂ.૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા, ૬ માસની મુદત માટેના અત્રેની અદાલતમાં જેલમુક્ત થયાના દિન-૭ માં આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય વીત્યે મુદ્દામાલનો નાશ કરવો.

આરોપીને જેલ મુક્ત કરવા તાત્કાલિક યાદી કરવી.

આ હુકમ આજરોજ તા.૧૨ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૨/૦૩/૨૦૨૬ (એમ.એફ. ખત્રી)

સ્થળઃ મહેસાણા બીજા એડીશ્નલ સેશન્સ જજ તથા

સ્પે. જજ (પોકસો)

મહેસાણા

જીજે૦૦૬૯૧